રજુ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
દાખલ તારીખ : ૦૯/૦૩/૨૦૨૬
ફેંસલ તારીખ : ૦૧/૦૪/૨૦૨૬
અવધિ : <u>વર્ષ</u> <u>માસ</u> <u>દિવસ</u>
૦૦ ૦૦ ૨૩

**આંક–** ૦૮

---

**ભાવનગરના મે.૩'જા એડી. ડિસ્ટ્રીકટ & સેશન્સ જજ સાહેબની કોર્ટમાં**

---

**ફોજદારી પરચુરણ અરજી નં.૪૪૮/૨૦૨૬**

---

**અરજદાર –** **સંજયભાઈ ઉર્ફે બટકો રાજુભાઈ મકવાણા,**
ઉ.વ.૨૮, ધંધો–ડ્રાઈવીંગ,
હે. ઘર નં.૭૧, આશાનગર સોસાયટી,
પુણા ગામ, રે. સુરત શહેર,
મુળ ગામ : નવા લોઈચડા, તા.પાલીતાણા,
જી.ભાવનગર.
હાલ : જિલ્લા જેલ, ભાવનગર.

**વિરુધ્ધ**

**સામાવાળા–** **શ્રી સરકાર**

---

**બાબત : બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન અરજી.**

---

અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી કે.એમ.મકવાણા.
સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રી સી.એમ.પરમાર.

---

**<u>:: જજમેન્ટ ::</u>**

(૧) અરજદાર/આરોપી તરફે હાલની આ અરજી ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૦૦૯/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબના નોંધાયેલ ગુનાના કામે રેગ્યુલર જામીન પર મુકત થવા માટે બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ હેઠળ કરેલ છે.

(૨) અરજદાર/આરોપીના વિ.વ.શ્રીને સાંભળ્યા તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અગાઉ સહઆરોપીએ એફ.આઇ.આર. આધારિત પ.ફો.અ.નં.૧૨૩/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલ હતી જે વીડ્રો કરવામાં આવેલ છે. અરજદાર/આરોપીએ ચાર્જશીટ બાદની જામીન ઉપર મુકત કરવા માટેની હાલની આ અરજી કરેલ છે. વધુમાં, દલીલ કરેલ છે કે, અરજદાર/આરોપી તદ્દન નિર્દોષ છે. કહેવાતા ગુનામાં કોઈ ભાગ ભજવેલ નથી. તેઓને ખોટી રીતે ગુનામાં સંડોવી દેવામાં આવેલ છે. મુદ્દામાલ અંગે તેઓ કશુ જાણતા નથી. અરજદાર/આરોપી સામે કોઈ પ્રથમદર્શનીય કેસ નથી. અરજદાર/આરોપી પાસેથી કોઈ મુદ્દામાલ રીકવર કે ડિસ્કવર કરવાનો બાકી નથી. તેમજ તપાસ પૂર્ણ થઇ ગયેલ હોય અને ચાર્જશીટ દાખલ કરી દેવામાં આવેલ હોય, પુરાવા સાથે ચેડા થવાનો કોઈ ભય નથી. અરજદાર/આરોપી ઉપર તેમના કુટુંબના ભરણ પોષણની જવાબદારી છે. અરજદાર/આરોપી સામે આજીવન કે મૃત્યુ દંડની સજાને પાત્ર ગુન્હાના આક્ષેપો નથી. અરજદાર/આરોપી અરજીમાં જણાવેલ સરનામાના કાયમી રહેવાસી છે. કયાંય નાસી–ભાગી જાય તેમ નથી. સહેલાઈથી મળી આવે તેમ છે. જો વધુ સમય જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ પનીશમેન્ટ થાય તેમ છે. તેમજ અરજદાર/આરોપી નામ. કોર્ટ ફરમાવશે તે શરતોનું પાલન કરવા તૈયાર અને ખુશી છે. જેથી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે. વધુમાં, દલીલ કરી જણાવેલ છે કે, સદર ગુન્હાના કામના સહઆરોપીઓ ધ્વારા અગાઉ પ.ફો.અ.નં.૪૩૭/૨૦૨૬ અને ૪૪૭/૨૦૨૬ થી જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરતા તે અરજી અત્રેની કોર્ટ ધ્વારા મંજુર કરવામાં આવેલ છે. જેથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર પણ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલ છે.

(૩) સામાવાળા તર્ફે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. તેઓએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, અરજદાર/આરોપીએ દમણવાળાને ઓળખાણ કરાવી માલ મોકલાવેલ છે. મોટા જથ્થામાં પ્રોહી. મુદામાલ કબજે કરવામાં આવેલ છે. સદર ગુન્હાની તપાસના કામે અરજદાર/આરોપી સામે પુરતો પુરાવો જણાઇ આવતા ચાર્જશીટ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. અરજદાર/આરોપી સુરતના

રહેવાસી છે અને અગાઉ કુલ–૧૬ ગુન્હા નોંધાયેલ છે અને પ્રોહી.ને લગતા ગુન્હા કરવાની ટેવવાળા છે. આગઉ અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવામાં આવેલ છે અને ચાર્જશીટ થઇ જવાથી કોઇ સંજોગો બદલાઇ જતા નથી. જેથી અરજદાર/આરોપીની અરજી નામંજુર કરવા વિનંતી કરેલ છે. તેમજ આંક–૬ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે.

(૪) આ કામે બંન્ને પક્ષકારોના વિ.વ.શ્રીઓને સાંભળ્યા. અરજી તથા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ઘ્યાને લીધા. તેમજ રજુ થયેલ તપાસ કરનાર અમલદારનું સોગંદનામું વંચાણે લીધું. આ કામે રેકર્ડ ઘ્યાને લેતાં, અરજદાર/આરોપી સામે ગારીયાધાર પોલીસ સ્ટેશન પ્રોહી. ગુના રજી. નં.૧૧૧૯૮૦૧૯૨૬૦૦૦૯/૨૦૨૬ પ્રોહી. એકટની કલમ–૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૯૮(૨), ૮૧, ૮૩ મુજબનો ગુન્હો નોંધાયેલ છે. આ કામે ચાર્જશીટ તથા તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, સદર ગુન્હાના કામના આરોપીઓએ ગઇ તા.૧૧/૦૧/૨૦૨૬ ના રોજ પાંચટોબરા ગામે થી પીપળવા જતા રસ્તે, ઇન્ડીયન ઓઇલ પેટ્રોલપંપની પાસે જાહેર રોડ ઉપરથી સહઆરોપી વૃંદભાઇ મનીષભાઇ ઝાલાવડીયા તથા સહઆરોપી અક્ષયભાઇ ગોરધનભાઇ કોસીયાનાઓએ પોતાના કબજા ભોગવટા(હવાલાવાળી) સફેદ કલરની મારુતિ સુઝુકી કંપનીની બલેનો ફોર વ્હીલ કાર રજી. નં.GJ 05 JU 4450 માં ગેરકાયદેસર ભારતીય બનાવટનો પરપ્રાંતીય ઇંગ્લીશ દારુનો જથ્થો રોયલ ચેલેન્જ ફીનેસ્ટ પ્રીમીયમ વ્હીસ્કી ૧૮૦ એમ.એલ. ની ફોર સેલ ઈન યુ.ટી. ઓફ દાદરા એન્ડ નગરહવેલી એન્ડ દમણ એન્ડ દીવ ઓન્લી બ્રાન્ડની પ્લાસ્ટીકની કંપની સીલપેક બોટલો ભરેલ પેટીઓ નંગ–૨૧ બોટલ નંગ–૧૦૦૮ દારુ લીટર–૧૮૧.૪૪ કુલ કિંમત રૂા.૩,૧૪,૪૯૬/– તથા બલેનો કાર તથા મોબાઇલ ફોન નંગ–૩ સાથે મળી આવી, પકડાઇ જઇ, સહઆરોપીઓએ બંન્નેએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો દમણ ખાતેથી અરજદાર/આરોપી સંજય ઉર્ફે બટકો રાજુભાઇ મકવાણાના કહેવાથી સહઆરોપી મનીષ કુશવાહાએ ભરી આપેલ અને તેની પાસેથી વેચાણ અર્થે લાવી આ દારુનો જથ્થો સહઆરોપી પ્રહલાદ ઉર્ફે નન્નો પ્રેમજીભાઇ ગોહીલને આપવાનો હતો. આમ, સદર ગુન્હાના કામના

આરોપીઓએ આ ઇંગ્લીશ દારુનો જથ્થો વેચાણ અર્થે મંગાવી, લાવી, તેમજ આપી, ગુન્હાહિત કાવત્રુ રચી, એકબીજાની મદદગારીમાં સદર ગુન્હાહિત કૃત્ય આચરેલ હોવાના આક્ષેપો છે. તેમજ સદર ગુન્હાની તપાસના કામે પુરતો પુરાવો જણાઇ આવતા સહઆરોપીઓ સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે. અરજદાર/આરોપી સામે પ્રથમદર્શનીય કેસ છે. વધુમાં, આ કામે અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા મુખ્યત્વે આ કામના સહઆરોપીઓને જામીન ઉપર મુકત કરવામાં આવેલ હોવાથી પેરીટીના ગ્રાઉન્ડ ઉપર અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજુઆત કરવામાં આવેલ છે પરંતુ હાલની અરજીના કામે રજુ થયેલ તપાસ કરનાર અધિકારીનું સોગંદનામું વંચાણે લેતાં, આ કામના અરજદાર/આરોપી સામે અગાઉ કુલ–૧૦ ગુન્હાઓ નોંધાયેલ છે. જેના સંદર્ભમાં અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે, તે પૈકી ૪ ગુન્હાઓની ટ્રાયલ પૂર્ણ થઇ ગયેલ છે. જે ધ્યાને લેતાં, અરજદાર/આરોપી ગંભીર ગુન્હાહિત ભુતકાળ ધરાવતા હોવાનું અને આ પ્રકારની પ્રોહી.ને લગતી પ્રવૃત્તિ કરવાની ટેવવાળા હોવાનું પ્રથમદર્શનીય જણાઇ આવે છે અને જો સદર ગુન્હાના કામે જો અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરીથી આ પ્રકારની પ્રોહી.ને લગતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ કરે તેવી શકયતા હાલના તબકકે નકારી શકાય તેમ નથી. તેમજ અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવામાં આવે અને નાસી ભાગી જાય તો અરજદાર/આરોપી સામે સદર ગુન્હાની તપાસ તથા ટ્રાયલ વિલંબમાં પડે તેમ છે. તેમજ દિનપ્રતિદિન આ પ્રકારના ગુન્હાઓનું પ્રમાણ વધતુ જાય છે. જો અરજદાર/આરોપીને હાલના તબકકે જામીન ઉપર મુકત કરવામાં આવે તો તેની સમાજ પર વિપરીત અસર પડે તેમ છે. તે તમામ સંજોગોમાં, અરજદાર/આરોપીનો સદર ગુન્હાના કામે રોલ, ગુન્હાની હકીકત અને ગુન્હાનો પ્રકાર તથા ગુન્હાની ગંભીરતા તથા સજાની જોગવાઇ તથા અરજદાર/આરોપીનો ગંભીર ગુન્હાહિત ભુતકાળ તથા આરોપીને જામીન ઉપર મુકત કરતી વખતે ધ્યાને લેવા પાત્ર તમામ પાસાઓ ધ્યાને લેતાં, હાલના તબકકે આરોપીને જામીન મુકત કરવા અંગેની વિવેકાધિન સત્તાનો ઉપયોગ આ કામના અરજદાર/આરોપીની તરફેણમાં

કરવો ન્યાયોચિત જણાતુ નથી. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**:: હુકમ ::**

(૧) આ કામના અરજદાર/આરોપીની રેગ્યુલર જામીન પર મુકત કરવા માટેની હાલની અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

આજરોજ તા.૨'લી માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ભાવનગર.
તારીખ : ૦૨/૦૪/૨૦૨૬

(હેતલ સુરેશચંદ્ર દવે)
૩'જા એડી. ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
ભાવનગર.

Bhavik

UI CODE NO.GJ00693